હજુ બે દિવસ ઉત્તર ગુજરાત, કચ્છમાં વરસાદની આગાહી

ગુજરાતના ૨૨૯ તાલુકામાં સાર્વત્રિક વરસાદ ચાલુ : ઉપરવાસમાં થઈ રહેલા ભારે વરસાદથી સરદાર સરોવર ડેમની જળસપાટી ૧૨૫.૭૯ મીટરે પહોંચી ગઈ છે

અમદાવાદ, તા.૨૫

રાજ્યભરમાં વરસાદી માહોલ જામ્યો છે. ગુજરાતમાં જે રીતે સાર્વત્રિક વરસાદ જોવા મળી રહ્યો છે, તે જોતા આસપાસ નદીઓ વહેતી હોય તેવુ જ લાગે છે. ગુજરાતમાં વરસાદની સુનામી આવી છે એવો માહોલ જામ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના ૨૨૯ તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે.

હજુ પણ ૨ દિવસ ઉત્તર ગુજરાત અને કચ્છમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. છેલ્લાં ૨૪ કલાકમાં સૌથી વધુ વાપીમાં ૭ ઈંચ મેઘ મહેર થઈ છે. અને૧૬ જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે.

ઉપરવાસમાં ભારે વરસાદથી સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં નર્મદા ડેમની સપાટીમાં ૧.૭૫ મીટરનો વધારો થયો છે. હાલ નર્મદા ડેમની જળસપાટી ૧૨૫.૭૯ મીટરે પહોંચી છે. ડેમમાં હાલ ૨ લાખ ૯૨ હજાર ક્યુસેક પાણીની આવક છે. આરબીપીએચઅને સીએચપીએચના તમામ પાવર હાઉસના યુનિટ શરૂ કરાયા છે. મધ્ય પ્રદેશના ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમના પણ તમામ દરવાજા ખોલી દેવાયા છે.

રાજ્યભરમાં વરસાદી માહોલ જામ્યો છે ત્યારે ગરવો ગિરનાર સોળે કળા ખીલ્યો. આરાધના અને આસ્થાનું કેન્દ્ર ગણાતો ગરવો ગઢ ગિરનાર વાદળો વચ્ચે વિહરતો જોવા મળ્યો છે. તો ગીર સોમનાથમાં વરસાદ થતા જમજીર ધોધ જીવંત થયો છે. જમજીર ધોધના આહલાદક દ્રશ્યો સામે આવતા મોટીસંખ્યામાં પર્યટકો પણ ઉમટ્યા છે.

આ તરફ અરવલ્લીના ભિલોડામાં આવેલો સુનસર ધોધ પણ જીવંત થતાં નયનરમ્ય નજારો જોવા મળી રહ્યો છે. ધરતીમાતા મંદિર પાસે આવેલો સુનસર ધોધ વહેતો થતા પ્રવાસીઓ ઉમટ્યા છે અને પ્રવાસી ધોધમાં નહાવાની મજા માણી રહ્યા છે.

હવામાન વિભાગે એલર્ટ કરી દીધા છે કે, રાજ્યમાં આજથી વરસાદનું જોર વધશે. ૩ દિવસ ક્યાંક ભારે તો ક્યાંક અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. આજે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે.

ધોમધખતો તડકો હોય કે વરસતો વરસાદ હોય મજૂરી કરી પેટીયુ રળનારાઓ માટે કામ ધંધે ગયા સિવાય છૂટકો નથી. પતિ-પત્નિ બંને કામ ધંધે જતા હોવાથી શ્રમિકો તેમના બાળકોને સતત સાથે જ રાખે છે. શ્રમિક માતા-પિતાની સતત સાથે રહેતા આ બાળકો વાતાવરણમાં આવતા પરિવર્તનોને સહન કરવાનુ સહજ રીતે શીખી લે છે અને તેને અનુકૂળ બની જાય છે. પછી તેમને ધોમધખતો તડકો, કડકડતી ઠંડી કે વરસતો વરસાદ બહુ અસર કરતા નથી. તસ્વીરમાં દેખાતુ બાળક કામ ધંધેથી પરત આવી રહેલા પિતાની લારીમાં સૂઈ રહ્યુ છે. વરસતા વરસાદમાં છત્રીની આડાશમાં તે આરામથી સુઈ રહ્યુ છે.

ગિફ્ટ સિટી ખાતે ૨૯મીએ પ્રધાનમંત્રી પધારશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે ''ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર ઓથોરિટી''ના મુખ્ય ભવનનો શિલાન્યાસ કરાશે



ગાંધીનગર, તા.૨૫

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૨૯ જુલાઈ,૨૦૨૨નાં રોજ ગિફ્ટ સિટી,ગાંધીનગર ખાતે આવેલી ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી), ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર ની મુલાકાત લેશે. આ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ''ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર ઓથોરિટી''ના મુખ્ય ભવનનો શિલાન્યાસ કરાશે. વડાપ્રધાનશ્રી GIFT-IFSCમાં ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ તેમજ ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX)નો પણ શુભારંભ કરશે. વડાપ્રધાનની આ મુલાકાત દરમિયાન અન્ય કેટલીક મહત્વની જાહેરાતો પણ કરવામાં આવશે.

આ ઉપરાંત વડાપ્રધાનશ્રીના હસ્તે NSE IFSC-SGX કનેક્ટ લોન્ચ કરવામાં આવશે. આ કનેક્ટ હેઠળ સિંગાપોર એક્સચેન્જ લિમિટેડના સભ્યો દ્વારા મૂકવામાં આવેલા NIFTY ડેરિવેટિવ્ઝ પરના તમામ ઓર્ડર્સ 'NSE-IFSC ઓર્ડર મેચિંગ અને ટ્રેડિંગ પ્લેટફોર્મ' પર રૂટ કરવામાં આવશે તેમજ મેચ કરવામાં આવશે. આ સિવાય કનેક્ટ GIFT-IFSC પર ડેરિવેટિવ માર્કેટ્સમાં તરલતા (liquidity) વધારશે. જેથી વધુ આંતરરાષ્ટ્રીય સહભાગીઓ જોડાશે અને તેની GIFT-IFSCમાં નાણાકીય ઈકોસિસ્ટમ પર હકારાત્મક અસર જોવા મળશે. ભારત સહિત સમગ્ર વિશ્વમાંથી બ્રોકર-ડીલર્સ આ કનેક્ટ દ્વારા ડેરિવેટિવ્ઝના વેપાર માટે મોટી સંખ્યામાં ભાગ લેશે તેવી અપેક્ષા છે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન, ગુજરાતના નાણા અને ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રીશ્રી ડૉ. ભગવત કિશનરાવ કરાડ તેમજ કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રીશ્રી પંકજ ચૌધરી પણ ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગિફ્ટ સિટી ખાતે આવેલી ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર ઓથોરિટી જે ભારતમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રો (IFSCs)માં નાણાકીય ઉત્પાદનો, નાણાકીય સેવાઓ અને નાણાકીય સંસ્થાઓના વિકાસ-નિયમન માટે એકીકૃત નિયમનકાર છે. ૈંહ્લજીઝ્રછના મુખ્યાલયની ઈમારતની આઈકોનિક સ્ટ્રક્ચર તરીકે પરિકલ્પના કરવામાં આવી છે, જે અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર તરીકે GIFT-IFSCની વધતી જતી વિશેષતા અને કદને પ્રતિબિંબિત કરે છે.

વડાપ્રધાનશ્રીના હસ્તે લોન્ચ કરવામાં આવનાર ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ, ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX) દેશમાં સોનાના વિત્તિયકરણને વેગ આપવા ઉપરાંત ગુણવત્તાની ખાતરી સાથે કાર્યક્ષમ ભાવની સુવિધા આપશે. જેનાથી ભારતને વૈશ્વિક બુલિયન માર્કેટમાં તેનું યોગ્ય સ્થાન મેળવવા અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાને પ્રામાણિકતા અને ગુણવત્તા સાથે સેવા આપવા માટે વધુ બળ મળશે. આ સાથે જ આ એક્સચેન્જ એક મુખ્ય ઉપભોક્તા તરીકે વિશ્વ બુલિયનના ભાવને પ્રભાવિત કરવામાં ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરવાની કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાને પ્રસ્થાપિત કરે છે.

મંકીપોક્સ ટેસ્ટિંગ માટે બીજે મેડિકલ કોલેજને મંજૂરી

અમદાવાદ, તા.૨૫

ભારત સહિત દુનિયાના અલગ અલગ દેશોમાં મંકીપોક્સનું સંક્રમણ વધતાં WHOએ વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરી છે. ભારતમાં અત્યાર સુધીમાં ૪ મંકીપોક્સ વાયરસનાં દર્દીઓ નોંધાયા છે. ત્યારે હવે મંકીપોક્સ વાયરસનાં ટેસ્ટિંગ માટે હવે અમદાવાદ તૈયાર થઈ ગયુ છે. ICMRએ ગુજરાતમાં મંકીપોક્સ વાયરસનાં ટેસ્ટિંગ માટે અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજને મંજૂરી આપી છે. મંકીપોક્સ વાયરસનાં ટેસ્ટિંગ માટે મંજૂરી મેળવનાર અમદાવાદની બી.જે.મેડિકલ કોલેજ પ્રથમ લેબ બની છે. હવે જો ગુજરાતમાં મંકીપોક્સનો કેસ આવે તો દર્દીનાં સેમ્પલ કલેક્ટ કરી અમદાવાદમાંથી જ રિપોર્ટ મેળવી શકાશે. બી.જે. મેડિકલ કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગને ICMRએ મંકીપોક્સ વાયરસની ખરાઈ કરવા RTPCR કીટ ઉપલબ્ધ કરાવી છે. હાલના તબક્કે અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગમાં ૪૦ દર્દીઓના ટેસ્ટ કરી શકાય તે માટે તમામ તૈયારીઓ કરી લેવાઈ છે.

માઈક્રોબાયોલોજી વિભાગના હેડ ડોક્ટર નીતા ખંડેલવાલે આ વિશે કહ્યું કે, વિશ્વમાં જે મુજબ મંકીપોક્સનાં કેસો વધી રહ્યા છે એને ધ્યાને લઈ ICMR દ્વારા તમામ ધારાધોરણો મુજબ RTPCR કીટ આપવામાં આવી છે. એક અઠવાડિયા પહેલાં ICMRએ બી જે. મેડિકલ કોલેજને કીટ આપી હતી, પ્રક્રિયાના ભાગરૂપે ક્વોલિટી કંટ્રોલ કરીને ફાઈલ ICMRને મોકલવામાં આવી હતી. ક્વોલિટી કન્ટ્રોલનાં પરિણામ બાદ અમદાવાદની બી.જે.મેડિકલ કોલેજને મંકીપોક્સ વાયરસનાં ટેસ્ટિંગ માટે પરવાનગી મળી.

મંકીપોક્સ : સિવિલ હોસ્પિ.માં ઊભો કરાયો સ્પેશિયલ વોર્ડ

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ડી૯ વોર્ડમાં ૮ બેડ તૈયારી દેવાયા છે, જેથી તાત્કાલિક સારવાર આપી શકાય

અમદાવાદ, તા.૨૫

કોરોના બાદ હવે વિશ્વ મંકીપોક્સ વાયરસ હાહાકાર મચાવી રહ્યું છે. ભારતમાં અત્યાર સુધીમાં ૪ મંકીપોક્સ વાયરસનાં દર્દીઓ નોંધાયા છે, જેથી હવે સરકાર એલર્ટ મોડ પર આવી ગઈ છે.

મંકીપોક્સ વાયરસ મામલે સરકારે ગાઈડલાઈન પણ જાહેર કરી છે. ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલ પણ એલર્ટ થઈ ગયુ છે. હોસ્પિટલ તંત્ર દ્વારા કોઈ કેસ આવે તો વ્યવસ્થા હોય તે માટેના પગલા લેવામાં આવ્યા છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 'ડી૯' વોર્ડમાં ૮ બેડ તૈયારી દેવાયા છે, જેથી ગુજરાતમાં મંકીપોક્સનો કોઈ કેસ આવે તો તાત્કાલિક સારવાર આપી શકાય છે. તેમજ અન્ય લોકોમાં ચેપ ન પ્રસરી શકે તો તકેદારી રાખવામાં આવે.

રાજ્યના ૧ હજારથી વધુ ગામમાં ફેલાયો જીવલેણ લમ્પી વાયરસ

રાજ્ય સરકારે તાત્કાલિક બોલાવી બેઠક : ૧૪ જિલ્લાના ૮૮૦ ગામોમાં ૩૭ હજાર ૧૨૧ પશુઓને સારવાર અપાઈ : ૨.૬૮ લાખથી વધુ પશુને રસી અપાઈ

ગાંધીનગર, તા.૨૫

સૌરાષ્ટ્ર-કચ્છમાં લમ્પી વાયરસનો કહેર ફેલાયો છે. ટપોટપ પશુઓ મોતને ભેટી રહ્યાં છે. કેટલાક ગામડાઓમાં તો એવી સ્થિતિ છે કે, પશુઓના લાશના ઢગલા દેખાઈ રહ્યાં છે. ત્યારે પશુઓમાં જોવા મળતા લમ્પી વાયરસને પગલે રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી છે. રાજ્યમાં એક હજારથી વધુ ગામડા લમ્પી વાયરસથી અસરગ્રસ્ત થતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવતીકાલે ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી છે. જોકે, રાજ્ય સરકારે પશુઓના મોતનો લેટેસ્ટ આંકડો આપ્યો નથી. ૧૪ જિલ્લાના ૮૮૦ ગામોમાં ૩૭ હજાર ૧૨૧ પશુઓને સારવાર અપાઈ છે. અત્યાર સુધીમાં ૨.૬૮ લાખથી વધુ પશુઓને રસી અપાઈ છે.

લમ્પી વાયરસને લઈને ગુજરાત સરકારની યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી છે. મુખ્યમંત્રીએ તાત્કાલિક આવતીકાલે ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી છે. જેમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલ, મુખ્ય સચિવ, કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ બેઠકમાં ચર્ચા કરશે. રાજ્યમાં લમ્પી વાયરસની વર્તમાન સ્થિતિને લઈને નિર્ણયો લેવાશે.

ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી રાજ્યમાં ૨ લાખ ૯૪ હજારથી વધુ પશુઓનું રસીકરણ કરાયુ છે. રાજ્યમાં એક હજારથી વધુ ગામડામાં લમ્પી વાયરસ ફેલાયો છે. જેથી ખેડૂતો અને પશુચાલકોમાં ડર વ્યાપી ગયો છે. ગુજરાતના ૪૦ હજારથી વધુ પશુઓ અસરગ્રસ્ત છે. તો ૪૦ હજારથી વધુ પશુઓને સારવાર અપાઈ રહી છે.

રાજકોટ-લમ્પી વાયરસને લઈને પશુપાલકોમાં ચિંતા વ્યાપી ગઈ છે. રાજકોટ જિલ્લામાં લમ્પી વાયરસથી ૭ પશુઓના મોતની તંત્રએ સત્તાવાર જાહેરાત કરી છે. દડવી, રાજપરા, વાડધરી, સાલ પીપળીયા, ધોકળિયા અને કેરાળા ગામમાં પશુના મોત થયા છે. રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકામાં કુલ ૬૬ ગામોમાં ૭૪૮ પશુઓમાં લમ્પી વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. રસીકરણ માટે જિલ્લા પંચાયત દ્વારા ૪૯ લોકોની ટીમ બનાવવામાં આવી છે.

૩૯ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવામાં આવ્યુ છે. મોટા ભાગના દર્દીઓ લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયા છે.

શહેરમાં આજે સે. ૭, સે. ૫ માં ૩-૩ કેસ, સે. ૩, ૨૬ અને સે. ૧૨ માં તથા સરગાસણમાં ૨-૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૨, ૨૨, ૪, ૧૯ તેમજ વાસણા હડમતિયા, વાવોલ અને કુડાસણમાંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલ કેસ સાથે શહેરમાં ૧૮૦ જેટલા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવા તેમજ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય અને જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

૧૨ કિસ્સા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. જયારે આ દરમિયાન ફલેટ ટાઈપના આ મકાનોમાં આ પેટાભાડુઆતોનો વસવાટ હોય તેવા ૧૨ કિસ્સા ધ્યાને આવ્યા હતા જયારે આ મકાનો ફાળવવામાં આવ્યા હોય તે લાભાર્થીના સ્થાને અન્ય નાગરિકોનો વસવાટ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જયારે આ પેટાભાડુઆતોના મામલે મુખ્યમંત્રીની સુરક્ષા શાખાના અધિકારી તેમજ કૃષિમંત્રીના કાર્યાલયમાં ફરજ બજાવતા કર્મચારીઓનો પણ સમાવેશ થતો હતો. જયારે આકસ્મિત તપાસ અસરકારક રહેતા તંત્ર દ્વારા શહેરના અન્ય સેકટરોમાં પણ આ મુજબ તપાસ હાથ ધરવાનુ આયોજન કરાયુ હતુ. પરંતુ હજુ સુધી આ મામલે આગળ કોઈ તપાસ કરવામાં આવી નથી આ મામલે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. જયારે સરકારી આવાસો પેટાભાડુઆતને આપવાના મામલે નોટીસ પણ આપવામાં આવી હતી. પરંતુ સે-૬ ની આ ઝુંબેશના અંતે હજુ સુધી માત્ર ૩ કિસ્સામાં જ મકાન ખાલી કરાયા છે. જયારે અન્ય કીસ્સામાં હજુ સુધી કાંઈ થયુ નથી જેના અંતે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી હવે જેમને આવાસ ફાળવવામાં આવ્યુ છે તેવા લાભાર્થીઓ જે વિભાગમાં નોકરી કરતા હોય તે વિભાગની કચેરીને નોટીસ આપી આવાસ ખાલી કરાવવા માટે કાર્યવાહી હાથ ધરાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

પ્રકૃતિ છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિશેષરૂપથી ગતિમાન હોય છે. બોલતી વખતે ખભા અને હાથ પણ જીભ જેટલું જ કામ કરતા હોય છે. તેમની કલ્પના શક્તિ સૌથી વધુ મજેદાર હોય છે. વાયુ પ્રકૃતિની વ્યક્તિના પ્રતિભાવ – પ્રતિસાદ વિષે ક્યારેય સચોટ અનુમાન થઈ શકે નહિ, કારણ કે તે હંમેશા નવીન રીતે જ વર્તન કરતા હોય છે. સામાન્ય રીતે તેઓ મૂડ અનુસાર જીવતા હોય છે એટલે તેમની ઓળખ પણ મૂડી વ્યક્તિની થઈ જતી હોય છે. પેટમાં વાયુનો આફરો ચઢવો, અનિયમિત શૌચના વેગ અને ભૂખ લાગવાના સમય પણ જેમના રોજ બદલાતા હોય તેમને વાયુ પ્રકૃતિના સમજવા. તેમની ત્વચા રૂક્ષ રહે છે કારણ કે રૂક્ષતા એ વાયુનો પોતાનો ગુણ છે. ક્યારેક ઠંડી લાગવી ક્યારેક ગરમી લાગવી, કોઈ કામ કરવાનું નક્કી કરે તો તરત જોડાઈ જાય પણ એ કામ પૂર્ણ ન થાય અને વ્યક્તિ તેનાથી કંટાળી જાય. વિચારોમાં પણ સ્થિરતા ઓછી જોવા મળે. ધૂની અને તરંગી મિજાજ ના હોય

પિત્ત પ્રકૃતિ : પિત્ત અગ્નિતત્ત્વનું પ્રતિનિધિ છે. આહારનું સ્વરૂપ પરિવર્તિત કરીને ઉર્જામાં રૂપાંતર કરવાનું કાર્ય પિત્ત કરે છે. સમગ્ર પાચનતંત્ર પિત્તને આધીન છે. જેમ અગ્નિના સંપર્કથી દૂધ અને પાણીને છૂટા પાડી શકાય, એટલે ક્ષીર-નીર વિવેક જેવી બુદ્ધિ એટલે પિત્ત. જેમનું પિત્ત સમ્યક એમની બુદ્ધિ સમ્યક. નિર્ણય ક્ષમતા સ્પષ્ટ હોવી એ પિત્ત પ્રકૃતિનો લાક્ષણિક ગુણ છે. ઠંડકનું વાતાવરણ પિત્ત પ્રકૃતિ ને ખૂબ માફક આવે પણ જો ગરમી સહેજ વધે તો અકળામણ વધી જાય, એટલે પિત્ત પ્રકૃતિ. માઈગ્રેન જેવા માથાના દુખાવા પિત્ત પ્રકૃતિની વ્યક્તિને વિશેષ પ્રમાણમાં થાય છે. શિસ્ત અને સિદ્ધાંતોથી જીવતી વ્યક્તિ મોટેભાગે પિત્ત પ્રકૃતિની હોય છે.

કફ પ્રકૃતિ : જલ અને પૃથ્વી તત્ત્વથી કફ નું નિર્માણ થાય છે. શાંત, સ્થિર, પ્રમાણમાં થોડી ધીમી અને લહેરથી જીવતી વ્યક્તિ એટલે કફ પ્રકૃતિ. સદાય હસતા હોય અને પરિશ્રમથી બચતા હોય, ભોજન પ્રત્યે વિશેષ પ્રીતિ હોય, સંબંધો આજીવન સાચવે અને પ્રેમાળ સ્વભાવના સ્વામી. ત્વચા સ્નિગ્ધ અને ગોરી હોય, સપનામાં જળાશય જોવે. હાથીની જેમ ગંભીર ચાલ ધરાવે, રોગપ્રતિકારક શક્તિ ઘણી વધારે હોય, જૂની સ્મૃતિ ખૂબ તેજ હોય.

આમ , વાયુ-પિત્ત-કફ એ ત્રણેય ઘટકો (દોષો) દરેક વ્યક્તિમાં હોય તો ખરા જ પણ તેમના પ્રમાણનું આધિક્ય તેમની વિશેષતા દર્શાવે. પ્રકૃતિના દ્વંદ્વ - બે પ્રકૃતિ ભેગી પણ હોય જ. દરેક વ્યક્તિ પોતાની પ્રકૃતિ જાણી ને આહાર વિહારમાં યોગ્ય કાળજી રાખે તો ઘણા રોગોથી બચવું ખૂબ સરળ થઈ જાય.

શપથગ્રહણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જવાબદારીને નિભાવવા માટે મારી ખુબ મોટી તાકાત હશે. તેમણે કહ્યું કે ભારતના સર્વોચ્ચ બંધારણીય પદ માટે ચૂંટવા બદલ હું તમામ સાંસદો અને તમામ વિધાનસભા સભ્યોનો હાર્દિક આભાર માનું છું. તમારો મત દેશના કરોડો નાગરિકોના વિશ્વાસની અભિવ્યક્તિ છે. મારી રાષ્ટ્રપતિ તરીકે દેશે એક એવા મહત્વપૂર્ણ સમયમાં પસંદગી કરી છે જ્યારે આપણે આપણી આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ. આજથી થોડા દિવસ બાદ દેશ પોતાની સ્વાધિનતાના ૭૫ વર્ષ પૂરા કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે મે મારી જીવનયાત્રા ઓડિશાના એક નાનકડા આદિવાસી ગામથી શરૂ કરી હતી. હું જે બેકગ્રાઉન્ડથી આવું છું ત્યાં મારા માટે પ્રાથમિક શિક્ષણ મેળવવું એ પણ એક સપના જેવું હતું. પરંતુ અનેક વિઘ્નો છતાં મારો સંકલ્પ દ્રઢ રહ્યો અને હું કોલેજ જનારી મારા ગામની પહેલી દીકરી બની. આ આપણા લોકતંત્રની જ શક્તિ છે કે તેમાં એક ગરીબ ઘરમાં પેદા થયેલી દીકરી, આંતરિયાળ આદિવાસી વિસ્તારમાં પેદા થયેલી દીકરી, ભારતના સર્વોચ્ચ બંધારણીય પદ સુધી પહોંચી શકે છે. દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે હું દેશની પહેલી એવી રાષ્ટ્રપતિ છું જેનો જન્મ સ્વતંત્ર ભારતમાં થયો. સ્વતંત્ર ભારતના નાગરિકો સાથે આપણા સ્વતંત્રતા સેનાનીઓની અપેક્ષાઓને પૂરી કરવાના પ્રયત્નોમાં પણ આપણે તેજી લાવવી પડશે. દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે મારો જન્મ ઓડિશાના એક આદિવાસી ગામમાં થયો. પરંતુ દેશના લોકતંત્રની જ આ શક્તિ છે કે મને અહીં સુધી પહોંચાડી. મહામહિમ મુર્મૂએ કહ્યું કે રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચવું, મારી વ્યક્તિગત ઉપલબ્ધિ નથી. તે ભારતના દરેક ગરીબની ઉપલબ્ધિ છે. મારી પસંદગી એ વાતનો પુરાવો છે કે ભારતમાં ગરીબ સપના જોઈ શકે છે અને તેને પૂરા પણ કરી શકે છે.

છેતરપિંડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, તેઓ એવા ગેરકાયદેસર કામ લઈને આવે જેના બદલામાં મોટી રકમ વસૂલી શકાય. સીબીઆઈની એફઆઈઆરમાં કહેવામાં આવ્યું છે કે, આ રેકેટમાં લોકોને રાજ્યસભાની સદસ્યતા માટે બેઠકની વ્યવસ્થા કરવા, કોઈ રાજ્યના રાજ્યપાલ બનાવવા, કેન્દ્રીય મંત્રાલયો તથા વિભાગો અંતર્ગતના કોઈ સરકારી સંગઠનના અધ્યક્ષ બનાવવાની લાલચ આપવામાં આવતી હતી. તેના બદલામાં લોકો પાસેથી ભારે મોટી રકમ વસૂલવામાં આવતી હતી.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૩૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૫

રાજ્યમાં આજે કોરોના કેસમાં બે દિવસના ઘટાડા બાદ આજે ફરી કેસમાં વધારો થયો છે. હાલ પણ રાજ્યમાં કોરોનાના કેસ ૬૦૦ થી વધુ આવી રહ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૩૩ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૭૩૧ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રાજ્યમાં કોરોનાથી આજે ત્રણ દર્દીના મોત થયા છે. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૬૭ ટકા થઈ ગયો છે. રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૫૬૧૩ એક્ટિવ કેસ છે. જેમાંથી ૧૦ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૫૬૦૩ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૩૨,૫૪૪ દર્દીઓ મ્હાત આપી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૬૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૨૧૧ કેસ સામે આવ્યા છે. સુરત કોર્પોરેશનમાં ૫૧, વડોદરા કોર્પોરેશનમાં ૪૯, રાજકોટ કોર્પોરેશનમાં ૪૪, કચ્છમાં ૩૦, સુરતમાં ૨૮, મહેસાણામાં ૨૭, ભાવનગર કોર્પોરેશનમાં ૨૫, ગાંધીનગર કોર્પોરેશનમાં ૨૧, ગાંધીનગરમાં ૧૮, પાટણમાં ૧૭, બનાસકાંઠામાં ૧૬, મોરબીમાં ૧૧, રાજકોટમાં ૯, આણંદમાં ૮, જામનગર કોર્પોરેશનમાં ૮, સાબરકાંઠામાં ૭, તાપીમાં ૬, વલસાડમાં ૬, અમદાવાદમાં ૫, ભરૂચમાં ૫ કેસ નોંધાયો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ